**અમદાવાદના મહે. ૧૬ માં એડી. ચીફ જયુડિશિય મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૧ માં, અમદાવાદ.**

**ફો.કેસ નં. 192940/2024**

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપી :– શંકર દોલાજી વણઝારા + ૩

**આરોપી :– જુગાર ધારા કલમ – ૧૨ મુજબ.**

**૧.** આ કામે ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી/આરોપીઓ જાહેરમાં ગોળ કુંડાળુ વળી ગંજીપાના વડે / ઓનલાઇન પૈસા વતી હાર જીતનો તીન પત્તીનો જુગાર રમતા જુગારના સાહિત્ય સાથે પકડાઇ જઇ જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ છે.

**૨.** આરોપી /આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપી /આરોપીઓની ગુના સબબ પ્લી નોંધતા, આરોપી /આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક રીતે એકરાર કરેલ છે અને કબુલાત પુરશીશ અલગથી આપેલ છે.

**૩.** આરોપી / આરોપીઓએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપી/આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપી/આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપી/આરોપીઓને સજા કરવી જોઇએ તેમ હું માનું છું. પરંતુ, આરોપી/આરોપીઓની કબુલાત પુરશીશ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ નામદાર હાઇકોર્ટ દ્ધારા ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૨૦૦૫ ના સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા, આ કામમાં આરોપી/આરોપીઓને હાલના ગુના સબબની કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઇએ તેમ હું માનું છું. આરોપી/આરોપીઓ સામેના ગુનાને લક્ષમાં લેતા સામાન્ય કુટુંબના વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં તેઓની રજુઆતો લક્ષમાં લેતા આરોપી/આરોપીઓને તેમની સામેના ગુના સબબ તકસીરવાર ઠરાવવા રહયાં, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપી/દરેક આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા અને એક આરોપીને રૂા.૩૦૦/– એમ કુલ મળી રૂા.૧૨૦૦/– (અંકે કુલ રૂપિયા એક હજાર બસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી/આરોપીઓ દંડ ભરવામાં કસૂર કરે તો પ્રત્યેકને દિન–૦૬(છ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય વિત્યા બાદ સરકાર ખાતે ખાલસા કરવી, તેમજ અન્ય બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તા.૧૪/૧૨/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.
**સ્પેશિયલ સીટીંગ**

(પરેશગીરી નટવરગર ગોસ્વામી)
૧૬ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૧, અમદાવાદ શહેર.
કોડ નં. જી.જે. ૦૧૦૩૭